# હવે, પોલીસને ચોરીના વાહનોની જાણ સીસીટીવી કેમેરા જ કરી દેશે

**ચોરાયેલા વાહનોના ડેટાબેઝ સોફ્ટવેરમાં સ્ટોર કરાશે અને શહેરમાં ઓટોમેટીક નંબર પ્લેટ રીડીંગ કરતા ૧૫ કેમેરા લગાડી દેવાશે : વધુ ૨૫૦ કેમેરા શહેરના સર્કલો પર લગાડવામાં આવશે : એસપી**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરના વિવિધ સર્કલો પર લગાડેલા ૧૮ સીસીટીવીથી કેમેરાનું સતત મોનીટરીંગ કરીને ટ્રાફીકના નિયમોનો ભંગ કરતા વાહનચાલકોને ઈ-મેમો આપવાનું પોલીસે શરૂ કરતાં હવે વાહનચાલકો નિયમો પાળતા થયા હોવાનું ધ્યાને આવ્યુ છે. હવે સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં વધુ ૨૫૦ સીસીટીવી કેમેરા લગાડવામાં આવનાર છે. તે ઉપરાંત ચોરીના વાહનો શહેરમાંથી પસાર થાય તો તે નંબર પ્લેટ ઓટોમેટીક રીડીંગ કરીને ચોરીના વાહન અંગે સીસીટીવી કેમેરા જ પોલીસને જાણ કરે તેવા ૧૫ કેમેરા લગાડવામાં આવનાર હોવાનું એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે જણાવ્યું છે.

શહેરમાં વધુ ૨૫૦ સીસીટીવી કેમેરા અલગ અલગ વિસ્તારોમાં લગાડી દેવામાં આવશે. જેનાથી ગુનાખોરી ડામવા ઉપરાંત ડીટેક્શનમાં ખુબ સરળતા રહેશે. તે ઉપરાંત ૧૫ એ.એન.પી.આર. કેમેરા શહેરના વિવિધ સર્કલો પર લગાડવાનું આયોજન થઈ રહ્યું છે. જે અવર-જવર કરતા તમામ વાહનોની નંબર પ્લેટનું ઓટોમેટીક રીડીંગ કરશે. એક સોફ્ટવેરમાં ચોરીના વાહનોનો ડેટાબેઝ તૈયાર કર્યા બાદ સ્પેર કરવામાં આવશે તે પછી તે પૈકીનું કોઈપણ વાહન શહેરમાંથી પસાર થશે તો નંબર પ્લેટ ઓટોમેટીક રીડીંગ કરી લઈને પોલીસને ચોરીનું વાહન શહેરમાંથી પસાર થયા હોવાનું પીકઅપ સીસીટીવી કેમેરા સંલગ્ન સોફ્ટવેર જ કરી દેશે. તે ઉપરાંત અવરજવર કરતા વાહનોની સ્પીડ માપીને તેને દંડ ફટકારી શકે તેવા પાંચ સ્પીડગન કેમેરા પણ લગાડવાનું આયોજન કરવામાં આવ્યું હોવાનું એસપીએ જણાવ્યું છે.

## ખૂણે ખાંચરેથી...

● કામધેનુ યુનિ.નો દ્વિતીય પદવીદાન સમારોહ ૧૨મી ફેબ્રુઆરીના રોજ મહાત્મા મંદિર ખાતે યોજાશે.

● ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં આજથી પ્રાર્થના બાદ જુની ચિકિત્સા પદ્ધતિઓ અંગે રોજેરોજ વાંચન કરવાનો સામુહિક આરંભ ૨૦ જેટલા અધિકારીઓ જુદા જુદા સ્થાનો પર કરાવશે.

● ગાંધીનગર જિલ્લામાં ૧૦૦ ટકા શૌચાલયો ધરાવતા ગામો આ નાણાંકીય વર્ષના અંત સુધીમાં ૭૦ ટકા પર પહોંચાડવાનું આયોજન તંત્ર દ્વારા કરાયું છે.

● ગાંધીનગર સ્થિત પ્રસિદ્ધ મહિલા કોલેજમાં કલ્ચરલ હેરિટેજ પર રાષ્ટ્રીય સેમિનાર ફેબ્રુઆરીના અંતમાં યોજાશે.

● ગાંધીનગર મેરેથોન પછી હવે મોર્નિંગ રનર્સના ચાહકોની સંખ્યામાં વધારો થવા પામ્યો છે.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના કેમ્પસમાંથી આજે એક કર્મચારીનું સ્કુટર ચોરાઈ જવા પામ્યું છે.

● ગાંધીનગર શહેર કોંગ્રેસની મહિલા પાંખ દ્વારા મહિલાઓની બેઠકોનો સિલસિલો શરૂ થઈ ચુક્યો છે. તો સંગઠનમાં સેક્ટર વાર પ્રમુખોની નિયુક્તી શહેર સમિતિ દ્વારા પૂર્ણ કરી દેવાઈ છે.

● આશા વર્કરોની જિલ્લાના તાલુકાઓમાં ચાર દિવસની તાલિમનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે.

# ઠગાઈની તપાસ માટે પેથાપુર પોલીસ ઈન્દોર જશે

**ફરાર ડ્રાઈવર્સ ઈન્દોરથી મળે તેવી શક્યતા : મુખ્ય સૂત્રધાર અગાઉ મહારાષ્ટ્રમાં આ જ પ્રકારના ગુનામાં પકડાયા બાદ જામીન પર છુટેલો છે**

ગાંધીનગર, તા. ૪

પેથાપુર પોલીસે સવા કરોડના ઠગાઈના મુદ્દામાલ સાથે બે ભેજાબાજ શખ્સોની ગઈકાલે ધરપકડ કરી લીધી હતી. ટ્રાન્સપોર્ટના બહાને માલસામાન ભરીને બારોબાર સગેવગે કરી દેતી આ ગેંગના બંને મુખ્ય સૂત્રધારો પૈકી એક અગાઉ મહારાષ્ટ્રમાં આ જ પ્રકારના ગુનામાં પકડાઈ ચુક્યો હતો અને જામીન પર છુટેલો છે. ફરાર અન્ય ત્રણ ડ્રાઈવર્સ ઈન્દોર બાજુ હોવાની માહિતી મળતા પેથાપુર પોલીસ તપાસ માટે ઈન્દોર જાય તેવી શક્યતા છે. પોલીસ વડાની મંજૂરી મળ્યા બાદ પેથાપુર પોલીસની ટીમ ઈન્દોર જવા રવાના થશે.

પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળા તથા તેમની ટીમે ટ્રાન્સપોર્ટના બહાને કરોડોના માલની હેરાફેરીના બહાને છેતરપીંડી કરતી આંતર રાજ્ય ગેંગ પકડી પાડી હતી. આ ગેંગના બે મુખ્ય સૂત્રધાર પોલીસના હાથે ઝડપાઈ ગયા બાદ સઘન પુછતાછ માટે કોર્ટમાં રજુ કરતાં કોર્ટે પાંચ દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. રિમાન્ડ દરમ્યાન બહાર આવ્યુ છે કે તે અગાઉ મહારાષ્ટ્ર ખાતે આ જ પ્રકારના ગુનામાં પકડાઈ ચુક્યો હતો અને જામીન પર છુટ્યો હતો. તે ઉપરાંત આ ગુનામાં પકડાયેલા બે મુખ્ય સૂત્રધારો ઉપરાંત અન્ય ત્રણ ડ્રાઈવર્સ હજુ ફરાર છે. આ ડ્રાઈવર્સ ઈન્દોર ખાતે હોવાની માહિતી મળતા હવે પોલીસ ઈન્દોર તપાસ કરવા જાય તેવી શક્યતા છે.

# શહેર કોંગ્રેસમાં ઝોન પ્રમુખો નિયુક્ત કરાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેર કોંગ્રેસના સંગઠનને ઝોન-૧ અને ઝોન-૨માં વિભાજીત કરાયા બાદ તેના પ્રમુખોની નિયુક્તી પણ કરી મનપાની ચૂંટણી માટેની તૈયારી કોંગ્રેસે વેગીલી બનાવી છે.

ઝોન-૧ના પ્રમુખ તરીકે શ્રી તેજાભાઈ દેસાઈ તથા ઝોન-૨ના પ્રમુખ તરીકે શ્રી રાજેન્દ્રસિંહ ચાવડાની નિયુક્તી કરાઈ છે. આ ઉપરાંત ગાંધીનગરના વિવિધ સેક્ટરોના પ્રમુખોની નિયુક્તી પણ કરી દેવામાં આવી છે. ગાંધીનગર મનપાની આવી રહેલી ચૂંટણીઓને ધ્યાને રાખી સંગઠન દ્વારા આગામી દિવસોમાં વોર્ડ બેઠકો અને ગૃપ બેઠકોનો સિલસિલો જે ચાલે છે તે વધુ સઘન બનાવવામાં આવશે તેમ શહેર કોંગ્રેસના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# ચિલોડામાં લાકડાની હરાજી માટે વનસંરક્ષક પાસે ભાવ મંગાવ્યા

**ગણ્યા ગાંઠ્યા લાકડા જ હયાત છે ત્યારે ભાવ મંગાવાયા, મોડેથી જાગેલા તંત્રની ખોખલી કાર્યવાહીની ટીકા થઈ**

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર પાસેના ચિલોડામાં સરકારી ગૌચર જમીન ઉપરના વૃક્ષો ચોમાસા દરમિયાન વાવાઝોડાના કહેરથી પડી ગયા હતા. જે અંગે સરપંચે જે તે સમયે જ મામલતદાર કચેરીમાં હરાજી માટે મંજુરીની માંગણી કરી હતી જેમાં તંત્રની લાપરવાહીથી પડી ગયેલા વૃક્ષો સગેવગે અને બોદાઈ ગયા છે જે અંગેનો અહેવાલ અખબારમાં પ્રગટ થતાં સફાળા જાગલા તંત્રએ કાર્યવાહી હાથ ધરી છે. જેમાં વનસંરક્ષક પાસે આ વૃક્ષોના લાકડા અંગેના ભાવ મંગાવાયા છે. જો કે



હવે નામ માત્ર જ લાકડું બચ્યું છે ત્યારે તંત્રની આ મોડી અને ખોખલી કાર્યવાહીની ચોમેરથી ટીકા થઈ રહી છે.

પ્રાપ્ત વિગતોનુસાર ચોમાસામાં આવેલા ઝંઝાવાતી વાવાઝોડાના કહેરથી ચિલોડની ગૌચર જમીનમાં પરિપકવ થયેલા ૭૨ જેટલા વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. આ વૃક્ષોનું કિંમતી લાકડું વેચીને ગામના વિકાસમાં નાણા ઉપયોગ કરવાના શુભ હેતુથી સરપંચ સવાજી ઠાકોરે તેજ સમયે ગાંધીનગર મામલતદારને લેખિતમાં જાણ કરી હરાજીની મંજુરી માંગી હતી. વારંવારની માંગણી તેમજ વનમંત્રીની વન મહોત્સવમાં ઉપસ્થિત સમયે પણ રજુઆત થયેલી તે તમામ બાબતો તંત્રના બહેરા કાને અથડાઈને પાછી પડતી હતી. દરમિયાન આ વૃક્ષોનું લાકડું સગેવગે થઈ રહ્યું હતું અને લાકડામાં ઉધઈ લાગીને બોદાઈ જઈ નષ્ટ પામ્યું છે અને હાલ ગણ્યા ગાંઠયા જ લાકડા પડી રહ્યા છે.

# પેથાપુર નગરપાલિકાની ચૂંટણીમાં વોર્ડ રચના અને મતદાન મથકની સમજ આપતા હોર્ડિંગ્સ તંત્ર લગાવશે

ગાંધીનગર, તા. ૪

પેથાપુર નગરપાલિકાની ચૂંટણીમાં નવુ સીમાંકન હોવાથી મતદારોને મતદાન મથક જવામાં તકલીફ પડે નહિ તે માટે કયા વોર્ડમાં કયા મહોલ્લા, શેરીઓ સમાવવામાં આવી છે તેમજ ક્યાં મતદાન મથકે છે તેવા જાહેર હોર્ડિંગ્સ તંત્ર દ્વારા લગાવવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે નગરપાલિકાની ચૂંટણીમાં આ વખતે નવા ઈવીએમ મશીન હોવાથી લોકોને તેની પણ પૂરી જાણકારી મળી રહે તે માટે આજથી વોર્ડવાર ઈ.વી.એમ. દ્વારા મતદાન કઈ રીતે થશે તે અંગે લોક-જાગૃતિનું અભિયાન પણ છેડવામાં આવનાર છે.

પેથાપુર નગરપાલિકાની ચૂંટણીની તૈયારી અંગે તંત્ર દ્વારા તેની કવાયત વેગીલી બનાવવામાં આવી છે.

આ ચૂંટણી માટે ૧૮ બુથ નિયત કરી દેવામાં આવ્યા છે તેમજ મતદાર જાગૃતિ અભિયાન અંગેના આ બે મહત્વના નિર્ણય સહિત હવે કર્મચારીઓને તાલિમ આપવાનો કાર્યક્રમ પણ આગામી સપ્તાહમાં યોજવામાં આવશે.

મતદારયાદીમાંથી નામો ગુમ થવાની તેમજ નામો જુના બુથ પ્રમાણે નહિ હોવાની સંભવિત ફરિયાદોને ટાળવા માટે તંત્રએ પાણી પહેલા જ પાર બાંધી અને જાહેર હોર્ડિંગ્સ લગાવવાનો નિર્ણય કર્યો છે. આ હોર્ડિંગ્સ આગામી બે દિવસમાં નગરપાલિકા વિસ્તારમાં લાગી જશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

૨૧મી ફેબ્રુઆરીએ પેથાપુર નગરપાલિકાની ચૂંટણી યોજાવાની છે. નવા નિયમો મુજબ આ ચૂંટણી યોજાઈ રહી છે. નવુ સીમાંકન પણ હોવાથી લોકોને બહુ તકલીફ ના પડે તેનું તંત્રએ અત્યારથી જ ધ્યાન રાખવાનો નિર્ણય કર્યો છે.

